Volume-4, Issue-11, November 2017 ISSN: 2349-7637 (Online)

RESEARCH HUB – International Multidisciplinary Research Journal (RHIMRJ)

Research Paper

Available online at: www.rhimrj.com

# સંસ્કૃત સાહિત્યના મહાન નાટ્યકાર મહાકવિ ભાસ

Mitaben M. Vyas

Research Scholar (M.Phil),

Sanskrit Department, Facult of Arts and Humanities

C U Shah University, Wadhwan City, Gujarat (India)

## ૧. પ્રસ્તાવના:

સંસ્કૃત સાહિત્યમાં અનેક મહાન નાટ્યકારો થઇ ગયા. જેવા કે મહાકવિ કાલિદાસ, ભાસ, બાણ, ભવભૂતિ, શુદ્રક વગેરે. એમાં પણ મહાકવિ ભાસે સંસ્કૃત નાટ્ય સાહિત્યમાં શ્રેષ્ઠ સ્થાન પ્રાપ્ત કર્યું છે. મહાકવિ કાલિદાસ જેવા શ્રેષ્ઠ નાટ્યકારે પણ મહાકવિ ભાસની પ્રસંશા કરી છે. જે તેમનાં માટે યોગ્ય જ છે. ઈ.સ. ૧૯૦૯ સુધી આપની પાસે તેમની એક પણ કૃતિ હતી નહિ પરંતુ ઈ.સ. ૧૯૧૨ માં ત્રિવેન્દ્રમના વિદ્વાન શ્રી ટી. ગણપતિશાસ્ત્રી એ પોતાના સંશોધન પ્રવાસ દરમિયાન પદ્મનાભપુરમ પાસેના મલ્લિકા મઠ પાસેથી ૧૦૫ તાળા[તાડપત્રો ભાસના નાટકો મેળવ્યા. આ તેર નાટકોને શ્રી ગણપતિ શાસ્ત્રીએ ભાસનું સર્જન ગણી તેમણે આ નાટકો ઈ.સ. ૧૯૧૨ માં પ્રકાશિત કર્યા. આ નાટકોના અભ્યાસ પરથી ભાસની અનેક વિશિષ્ટાઓનો પરિચય પ્રાપ્ત થાય છે, જે નીચે મુજબ છે.

## ૨. શૈલીની સાદગી

**"શીલે ભવા શૈલી"** આ વાક્ય મુજબ ભાસની શૈલીની સૌથી મોટી વિશેષતા છે સાદગી. ભાસનાં વર્ણનોમાં સાદગીનો પરિચય મળે છે. તેઓ બાણની જેમ કિલષ્ટ તથા સમાસ પ્રચુર વર્ણનો કરતા નથી. ભાસના નાટકોના અધ્યયન પરથી તેની શૈલીની સાદગી વિશે જાણી શકાય છે. ભાસ કાલિદાસ જેવા ગળચટ્ટા સર્જક નથી. ભવભૂતિની જેમ કર્કશ ભાવોને આલેખાનારા નથી કે પછી, મુરારી તથા રાજશેખર જેવા કૃત્રિમ શકિતના બણગા ફૂંકનારા પણ નથી. ભાસની વાણી પ્રવાહી ભાગીરથી જેમ ખળખળ વહેતી રહે છે.

## ૩. સ્વાભાવિકતા

મહાકવિ ભાસના નાટકોની એક વિશેષતા તેણે કરેલા વર્ણનોની સ્વાભાવિકતા છે. ભાસ પ્રસ્વેદસાધ્ય કે પરિશ્રમસાધ્ય કશું જ લખતા નથી. તેમેની વાણી અનુભવ વાણી છે. તેમના શ્લોકો કે ઉક્તિઓ કહેવત જેવા બની જાય છે. એનું કારણ એ છે કે તેમની ભાષામાં સ્વાભાવિકતા પણ સ્વાભાવિક રીતે જ આવે છે. તેમની ભાષા બોલચાલની ઘણી નજીક છે. મહાકવિ ભાસનાં નાટકોનું અધ્યયન કરતા જણાય છે કે ભાસે પોતાના સમયમાં પ્રચલિત ભાષા જ પ્રયોજી છે. તેમાં વ્યાકરણની યાંત્રિકતા અને વ્યાકરણશાશ્ત્રીઓની જડતા પ્રવેશ્યા નથી. ભાસે આજની ભાષામાં જેને અપાણીનીય કહેવાય તેવા આર્ષપ્રયોગો પણ કર્યા છે. પ્રતિમા નાટકનો વલ્કલ હોય કે સ્વપ્નવાસવાદત્તમ ના ઘોષવતી વીણા પ્રસંગ, કે પછે કર્ણભારનો કવચ-કુંડલ દાનનો પ્રસંગ, દરેક જગ્યાએ ભાસની શૈલીની સ્વાભાવિકતાના દર્શન થાય છે.

## ૩. આર્ષકાવ્યનો પ્રભાવ

મહાકવિ ભાસના સર્જન પર આર્ષકાવ્ય રામાયણ તથા મહાભારતનો પ્રભાવ સ્પષ્ટ પણે જોઈ શકાય છે. મહાકવિ ભાસે પોતાના મોટા ભાગના નાટકોનું કથાનક રામાયણ તથા મહાભારત જેવા ગ્રંથોમાંથી લીધું છે. ભાસનાં કુલ તેર નાટકમાંથી ૬ નાટક મહાભારત પર આધારિત છે તથા ૨ નાટક રામાયણ પર આધારિત છે. મહાકવિ ભાસે આ બંને મહાકાવ્યોના સાદાઈ, સરળતા, વેધકતા તથા માધુર્યના ગુણણે પોતાના નાટકોમાં ઉતાર્યા છે. ભાષાના નાટકો સુંદર અને સમૃદ્ધ વિચારોથી ભરપૂર છે. આના લીધે સંવાદોમાં સચોટતા અને સાહજિકતા આવે છે. શ્રી ગણપતિ શાસ્ત્રીએ લખ્યું છે કે ભાસના વાક્યો બધેજ સુંદર રીતે અભિવ્યક્ત થયેલા વિચારોની સમૃદ્ધિથી ભરપૂર છે.

## ૪. માનસશાસ્ત્રીય નિરૂપણ

મહાકવિ ભાસની ભાષામાં માનવ મનનાં ભાવોને સચોટ રીતે વ્યક્ત કરવાની શકિત રહેલી છે. પાત્રોની માનસિક અવસ્થા, તેમની આશા, નિરાશા, ક્રોધ, કરુણતા, કુટિલતા વગેરેને કુશળતા પૂર્વક અભિવ્યક્ત કરવાની ઘણી સારી કુશળતા છે. મહાકવિ ભાસની

2016, RHIMRJ, All Rights Reserved

શ્રેત્થાશ્રેષ્ઠ ગણાતી કૃતિ स्वप्नवासवदतम्ने Psychological Play તરીકે સર્વમાન્ય ગૌરવ પ્રાપ્ત થયું છે. આમ, મહાકવિ ભાસ માનવીય ભાવોનું સચોટ નિરૂપણ કરવામાં નિપુણ છે.

**૫. રસ નિરૂપણ**

ભાસના નાટકોની રસયોજના અપૂર્વ વૈવિધ્યથી ભરેલી છે. દાત. દૂતવાક્યમાં વીર (મુખ્ય) અને અદભૂત (ગૌણ) રસ છે. દૂત ઘટોત્કચમાં વીર તથા કરુણ રસ, મધ્યમવ્યાયોગમાં વીર, ભયાનક, કરુણ, રૌદ્ર તથા અદભૂત રસનું મિશ્રણ જોવા મળે/ છે. કર્ણભારમ માં કરુણ તથા વીર રસ, સ્વપ્નવાસવદતમમાં શૃંગાર અને કરુણરસ. આ ઉપરાંત, અવિમારક, ચારૂદત્ત વગેરેએ અન્ય નાટકોમાં પણ રસ વૈવિધ્ય જોવા મળે છે.

**૬. છંદ તથા અલંકાર**

માનવમનની વૃતિઓની અભિવ્યંજનાને પ્રેક્ષકોના મનમાં ઉતારવામાં નાદસૌંદર્યનું મહત્વ ભાસ ઓળખે છે. આ દ્રષ્ટિએ છંદ યોજના આગવું મહત્વ ધરાવે છે. છંદમાં પ્રસાદ તથા અનુરંજન કરવાની સ્ફૂર્તિ મોજુદ હોય છે. તેને લીધે સાહિત્યમાં એક પ્રકારની લયાત્મક્તા ઉત્પન્ન થાય છે. મહાકવિ ભાસે ૧૩ નાટકોમાં ૨૪ પ્રકારના છંદનો પ્રયોગ કર્યો છે.

ભાષાની છંદ યોજના દુરૂહ કે આડંબર યુક્ત શબ્દોથી ઉભરાતી નથી તેને વિપુલ પ્રમાણમાં શ્ર્લોકો યોજ્યા હોવા છતાં નાટકની ગતિ શિથિલ બનતી કે અવરોધાતી નથી. તેની છંદયોજના પ્રયત્નસાધ્ય પણ નથી. એક જ છંદને બે કે વધુ પાત્રોના મુખમાં મૂકીને ખંડશ્ર્લોકની પણ સરસ યુકિત ભાસ અપનાવે છે.

છંદ નિરૂપણની સાથે ભાસના નાટકોમાં વિવિધ અલંકારોની યોજના પણ જોવા મળે છે. આ અલંકારો રસનાં પરીપોષ માટે સ્વાભાવિક રીતે આવે છે. સાધાર્મ્ય, વિષમતા, ઔચિત્ય, ચમત્કાર તથા વક્તા પર આધારિત અલંકારો યોજીને ભાસે પાત્રોની માનસિક સ્થિતિને પણ યોજીને ભાસે પાત્રોની માનસિક સ્થિતિને પણ વ્યક્ત કરી છે.

**૭. પાત્રોનું ઉર્ધ્વીકારણ**

મહાકવિ ભાસે પોતાના નાટકોમાં ઉપેક્ષિત પાત્રોના નિરૂપણ દ્વારા તેનું ઉર્ધ્વીકરણ કર્યું છે. રામાયણના ક્રૂર, ઈર્ષાળુ કૈકયીણે પ્રતિમાનાટકમાં રામ પ્રત્યે અપૂર્વ પ્રેમ ધરાવતી પૂત્રવાસલા માતાના રૂપમાં નિરૂપી છે. શ્રવણના માતાપિતા દ્વારા અપાયેલ શ્રાપથી રામના જીવનને હાનિ ન પહોચે માટે રામ વનવાસ તથા ભરતને ગાદી આપવાના વચન માંગી પોતે ધૃણાને પાત્ર બને છે. પરંતુ તેની પાછળની કૈકયીણે ભાવનાને ભાસે સુંદર રીતે પ્રતિમાનાટકમાં નિરૂપી છે.

એ જ રીતે उरुभङ्गंम्नो દુર્યોધન એ સુયોધન બની જાય છે. એક આજ્ઞાંકિત પૂત્ર તથા પુત્ર વત્સલ પિતા તરીકે ભાસે તેને દર્શાવ્યા છે. મધ્યમવ્યાયોગમાં હિડિમ્બાણે એક રાક્ષસી તરીકે નહિ પરંતુ એક પતિવ્રતા નારી તરીકે નિરૂપી છે.

આમ, મહાકવિ ભાસે પોતાના નાટકોમાં ઉપેક્ષિત પાત્રોનું ઉર્ધ્વીકારણ કરી તેના સારા ગુણો દર્શાવ્યા છે.

**૮. માનવા મનનો કવિ**

ભાસ માનવમનનો કવિ છે. તેના નાટકોમાં પાત્રોના મનના ભાવો સ્પષ્ટ તરી આવે છે. પાત્રોને વિવિધ પરિસ્થિતિમાં મૂકી દઈને તેના ભાવ પ્રતિભાવ દર્શાવીને ભાસ તેના વર્તનમાં મનોવૈજ્ઞાનિક અભિગમ પ્રગટ કરે છે. પાત્રોના મનોમંથનને રજૂ કરવામાં ભાસની કલમ કુશળતાથી કામ કરે છે. વાસવદત્તાનું હૃદયદ્રાવક મનોમંથન સુપ્રસિદ્ધ છે. યુદ્ધ સમયે નિરાશા અનુભવતા કર્ણના મનની વ્યથા પણ તેણે કલમના લસરકે સરસ રીતે ચીતરી છે.

**૯. ઉપસંહાર**

મહાકવિ ભાસ એક શ્રેષ્ઠ નાટ્યકાર છે. તેની લેખનકળા વિશેષ્યક પ્રધાન છે. તે વિશેષણો ઓછા વાપરે છે. તેના મોટાભાગના શ્ર્લોકો શિષ્ટ વૃતમાં નહિ પણ અનુષ્ટુપ છંદમાં છે. આ છંદ તેને નાટકની ગતિ જાળવી રાખવામાં ઉપકારક બને છે. અશ્વઘોષ તથા મહાકવિ કાલિદાસે પણ ભાસનું અનુકરણ કર્યું છે. એ જ ભાસની શ્રેષ્ઠતાનો પુરાવો છે.